# BUSINESS મિત્ર

વૈશ્વિક શાંતિના સંકેતો અને ફાર્મા-રિયલ્ટી શેરોની આગેવાનીમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. 6.77 લાખ કરોડની વૃદ્ધિ

# શેરબજારમાં તેજીનો શંખનાદ: સેન્સેક્સ 77,000 અને નિફ્ટી 24,000ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 27: ભારતીય શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ઘટાડો થઈ રહ્યો હતો, જેમાં આજે સપ્તાહની શરૂઆત સાથે પોઝિટિવ વલણ રહ્યું હતું અને સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારો જવા મળ્યો હતો. જેનાથી સેન્સેક્સ 77000 પોઈન્ટની સપાટી કુદાવી હતી, જ્યારે નિફ્ટીએ 24000 પોઈન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવી હતી. જોકે અત્યાર સુધી અક્કડ રહેલા ઈરાને પણ રાજકીય તણાવ હળવો કરવા માટે યુએસને શાંતિની પહેલની દરખાસ્ત કરી હોવાના અહેવાલથી સેન્ટિમેન્ટને વેગ મળ્યો હતો. છેલ્લા ત્રણ દિવસમાં ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચી બીજી વખત પાકિસ્તાન પહોંચ્યા હોવાથી સંકેતો પોઝિટિવ મળી રહ્યા છે.

તેની સાથે ચોથા કવાર્ટરની કમાણીના અપડેટથી સ્ટોક તથા સેકટરમાં વધઘટ જોવા મળી રહી છે. જોકે, આજે મોટા ભાગના સેકટરો પોઝિટિવ બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ફાર્મા-હેલ્થકેર અને રિયલ્ટી શેરોમાં ઉછાળો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 639.42 પોઈન્ટ એટલે કે 0.83 ટકા વધીને 77303.63 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77420 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76754 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 194.75 પોઈન્ટ એટલે કે 0.81 ટકા વધીને 24000 પોઈન્ટની સપાટી કુદાવીને 24092.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી.

આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24130 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23936 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 174.55 પોઈન્ટ એટલે કે 0.31 ટકા વધીને 56264.30 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ઈન્ડિયા સિમેન્ટમાં 35.17 ગણા, બજાજ ફિનસર્વમાં 27.05 ગણા, તાન્લા પ્લેટફોર્મમાં 13.71 ગણા, વન 97 કોમ્યુનિકેશનમાં 12.15 ગણા અને મહિન્દ્રા-મહિન્દ્રા ફાઈ.માં 9.1 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઈન્ડિયા સિમેન્ટમાં 113.66 ગણા, વન 97 કોમ્યુનિકેશનમાં 12.5 ગણા, મહિન્દ્રા-મહિન્દ્રા ફાઈ. 11.94 ગણા, ઉષા માર્ટીનમાં 10.24 ગણા અને શ્યામ મેટાલિકમાં 6.03 ગણા કામકાજ નોંધાયા છે.

આજે બ્રોડર માર્કેટે લાર્જકેપ ઈન્ડેક્સને પાછળ છોડી દઈને સુંદર પ્રદર્શન કર્યુ હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.38 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.98 ટકા ઉછળ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઈ ખાતે 3075 શેરો વધ્યા હતા, જ્યારે 1285 શેરો ઘટયા હતા તથા 211 શેરો યથાવત રહ્યા હતા.

આજે દિવસ દરમ્યાન સન ફાર્માની આગેવાની હેઠળ ફાર્મા શેરોમાં મજબૂતાઈ જોવા મળી હતી. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ 2.62 ટકા વધ્યો હતો, જેમાં સન ફાર્મા, ગ્લેન્ડ ફાર્મા, બાયોકોન, જેબી કેમિકલ્સ, ટોરેન્ટ ફાર્મા, પિરામલ ફાર્મા, વોકહાર્ટ, અજંતા ફાર્મા, ડિવીસ લેબ્સ, આલ્કેમ લેબ વધ્યા હતા. જ્યારે ઈપ્કા લેબ અન મેનકાઈન્ડ ફાર્મા ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફયુચર નજીવા ઘટાડા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો સપાટ અથવા નજીવા ઘટાડા સાથે ખુલવાના સંકેત આપી રહ્યા છે. ઈસીબી, યુએસ ફેડરલ રિઝર્વ, બેન્ક ઓફ ઈંગ્લેન્ડ ફુગાવા અને વૃદ્ધિ તથા યુદ્ધના કારણે અનિશ્ચિતતા અંગે આગામી અઠવાડિયામાં સેન્ટ્રલ બેન્કોની બેઠક પર રોકાણકારની નજર મંડરાયેલી છે અને વ્યાજદરમાં રાહત મળી શકે તેવી શકયતાએ યુરોપિયન બજારોમાં સુધારો જોવાયો હતો. જ્યારે ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલની આ છેલ્લી બેઠક બની રહેશે.

બીજી તરફ, જાપાન અને દક્ષિણ કોરિયાએ રેકોર્ડ ઉંચી સપાટીની વચ્ચે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. જોકે, ક્રુડના ભાવમાં વધારો અને યુએસ-ઈરાન વાટાઘાટો અટકી જતા બજારો પણ અનિશ્ચિત માહોલમાંથી પસાર થઈ રહ્યું છે.

યુરોપિયન બજારોમાં કેક 0.49 ટકા અને ડેક્સ 0.64 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

જ્યારે એફટીએસઈ 0.08 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.18 ટકા, તાઈવાન 1.73 ટકા, કોસ્પી 2.11 ટકા અને શાંઘાઈ 0.16 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.62 ટકા, હેંગસેંગ 0.06 ટકા અને જકાર્તા 0.32 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### શેરબજાર સુધરતા રૂપિયામાં રીકવરી

કરન્સી બજારમાં આજે શેરબજારમાં હકારાત્મક વલણની અસર જોવા મળી હતી અને રૂપિયામાં રીકવરી જોવા મળી હતી અને અંતે નજીવા સુધારા સાથે બંધ રહ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરન સામે રૂપિયો 7 પૈસા સુધરીને 94.19ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં 94.26ના સ્તરે હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.81, પાઉન્ડ 127.28, કેનેડિયન ડોલર 69.25, ઓસ્ટ્રેલિયન ડોલર 67.81, જાપાનીઝ યેન 0.5919 અને સીંગાપોર ડોલર 74.16ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 94.18 રૂ. |
| યુરો | 110.81 રૂ. |
| પાઉન્ડ | 127.28 રૂ. |
| યેન | 0.5916 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 639.42 | 77303.63 |
| નિફ્ટી | 194.75 | 24092.70 |
| બેન્ક નિફ્ટી | 174.55 | 56264.30 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 6.98 | 1733.50 |
| જિયો ફાઇ. | 3.22 | 253.64 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.86 | 1365.80 |
| વિપ્રો | 2.85 | 205.05 |
| ટેક મહિન્દ્રા | 2.77 | 1396.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 3.62 | 974.65 |
| એકસીસ બેન્ક | 3.05 | 1324.20 |
| બીઇએલ | 1.99 | 435.60 |
| ટાટા કન્ઝ્યુમર | 1.15 | 1160.50 |
| ICICI બેન્ક | 0.91 | 1314.10 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 7.03 | 1733.80 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.88 | 1365.95 |
| અદાણી પોર્ટસ | 2.72 | 1629.10 |
| ટેક મહિન્દ્રા | 2.64 | 1395.90 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.13 | 3102.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 3.05 | 1324.50 |
| બીઇએલ | 2.00 | 435.60 |
| ટ્રેન્ટ | 0.90 | 4262.60 |
| ICICI બેન્ક | 0.85 | 1315.05 |
| ઇટર્નલ | 0.45 | 255.60 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૫૬૦ |
| તેજાબી સોનું | ૧૫૫૪૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૭૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૪૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૫૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૯૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૧૩૫૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

# બેંકિંગ ક્ષેત્રે AIનો પગપેસારો: શાખાઓ વધશે પણ કર્મચારીઓ ઘટશે

**HDFC** અને Axis જેવી ટોચની બેંકોમાં છટણીનો દોર

**ટેકનોલોજીના** સહારે ઓછા સ્ટાફ સાથે કામ કરવાની નવી વ્યૂહરચના

નવી દિલ્હી, તા. 27: ભારતની ટોચની ખાનગી બેન્કોમાં કર્મચારીઓની સંખ્યા ઘટવા લાગી છે અને બેન્કો પણ ટેકનોલોજીના સહારે આગળ વધવા માગી રહ્યા છે અને તેઓ ટેકનોલોજીમાં રોકાણ વધારી રહ્યા છે, જેથી આવનારા સમયમાં બેન્કોમાં પણ કર્મચારીઓની છટણી સંભવ છે.

હકીકતમાં ટેકનોલોજી અને એઆઇના આગમનથી ઘણી ભૂમિકાઓ બદલાઇ ગઇ છે અને કાર્યક્ષમતામાં વધારો થયો છે. બેંકોને વધુ શાખાઓ ખોલવાની મંજુરી આપે છે, પરંતુ ઓછા કર્મચારીઓ સાથે કામ કરે છે, તેથી બેન્કો તેમના કર્મચારીઓની સંખ્યા ઘટાડી રહી છે.

ભારતની સૌથી મોટી ખાનગી બેન્ક એચડીએફસી બેન્કે નાણાકીય વર્ષ 2026ના અંતમાં તેના કર્મચારીઓમાં ઘટાડો નોંધાવ્યો છે.

જે અગાઉના વર્ષમાં 2.14 લાખ હતા, તે ઘટીને 2.11 લાખ થઇ ગયા છે. આ ઘટાડો માર્ચ કવાર્ટરમાં ઝડપી થયો છે. આવી જ રીતે એકસીસ બેન્કથી લઇને આરબીએલ બેન્ક સુધી દરેક ઓફિસમાં કર્મચારીઓ ઘટતા જોવા મળી રહ્યા છે.

એકસીસ બેન્કે ચોથા કવાર્ટર અને નાણાકીય વર્ષ 2026ના પરિણામો જાહેર કર્યા છે, જેમાં જણાવાયું છે કે, 1.04 લાખ કર્મચારીઓ હતા, તે હાલમાં 1.01 લાખ કર્મચારીઓ છે. આઇસીઆઇસીઆઇ બેન્કના આંકડા ઉપલબ્ધ નથી, આશરે 6000 કર્મચારીઓ ઓછા કર્યાના અહેવાલ છે. જોકે, મહત્વની બાબત એ છે કે આ બેન્કો કર્મચારીઓ ઓછા કરી રહ્યા છે, છતાં શાખાઓ વધારતા રહેશે. આમ, ઓછા કર્મચારીઓ સાથે શાખા ખોલશે.

એઆઇ ટેકનોલોજી નોકરીના નુકશાનનું કારણ બની ગઇ છે. આ ઘટાડો બેન્કોની શાખાઓમાં વધારો કર્યો પછી પણ કર્મચારીઓ ઘટી રહ્યા છે, એઆઇનો વધતો ઉપયોગ, સ્વચાલિત તકનિકીમાં વધતુ રોકાણ અને બેન્ક પ્રક્રિયાઓમાં ડિજીટલાઇઝેશનને કારણે માળખાગત પરિવર્તન આવ્યું છે, જે ઓછા લોકો સાથે કામ કરી શકાય છે.

# શણની વૈશ્વિક માંગમાં ઉછાળો: ભારતની નિકાસમાં 60%નો વધારો

**પ્લાસ્ટિક** પર પ્રતિબંધ અને ટકાઉ ફેશનના કારણે 'ગોલ્ડન ફાઇબર' ઉદ્યોગમાં નવી તેજી

મુંબઈ, તા. 27: ભારત વિશ્વનું 75% શણ ઉત્પાદિત કરતું અગ્રણી રાષ્ટ્ર બન્યું છે. વર્ષ 2024-25માં શણની નિકાસ 60% વધીને 4,992 કરોડ નોંધાઈ છે, જે અગાઉના વર્ષે 3,039 કરોડ હતી. શણ ઉદ્યોગનું કેન્દ્ર પશ્ચિમ બંગાળ (73% ફેક્ટરીઓ) છે, જ્યાં સરકારી પ્રોત્સાહનોને કારણે ઉત્પાદન વેગ પકડી રહ્યું છે.

ભારત વિશ્વનો અગ્રણી શણ ઉત્પાદક દેશ છે, જે વૈશ્વિક ઉત્પાદનમાં આશરે 75% હિસ્સો ધરાવે છે, પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનોની વધતી માંગને કારણે નિકાસ 9% CAGR (2015-2021)ના દરે વધી રહી છે.

મુખ્ય નિકાસમાં શણ-વૈવિધ્યસભર ઉત્પાદનો (બેગ, ગૃહ સજાવટ) અને પરંપરાગત શણના કોથળાનો સમાવેશ થાય છે, જેનું મૂલ્ય વાર્ષિક US$ 200 મિલિયનથી વધુ છે, યુએસએ, યુકે અને ઓસ્ટ્રેલિયા તેના મુખ્ય આયાતકાર છે.

યુએસ દ્વારા શણ અને શણના માલ પર 18 ટકા રેસીપ્રોકલ ટેરિફ એપ્રિલ 2025 માં લાગુ કરવામાં આવ્યો હતો. જો કે, પાછળથી ટેરિફના દરોમાં ફેરફાર કરાતા, યુએસ બજારમાં માલની નિકાસ કરવાની કિંમતમાં નોંધપાત્ર વધારો થયો હતો તે ટાળી શકાયો છે.

વૈશ્વિક સ્તરે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવાની ગતિ વધી રહી છે, વિશ્વભરમાં સર્વે કરાયેલા લગભગ 85% લોકોએ પ્રતિબંધને ટેકો આપ્યો છે. ફેશન ડિઝાઈનર્સ શણના મિશ્રણનો ઉપયોગ કરીને ટી-શર્ટ જેવા કેઝ્યુઅલ કપડાં બનાવવા માટે પણ કામ કરી રહ્યા છે. તેની ટકાઉપણાને કારણે, શણમાં વિવિધ જટિલ ડિઝાઈન અને પેટર્નમાં વણાઈ જવાની ક્ષમતા પણ છે.

# અલ્ટ્રાટેકના શેરધારકો માટે 240ના રેકોર્ડબ્રેક ડિવિડન્ડની લોટરી

**કંપનીએ** રૂ. 3000 કરોડનો ચોખ્ખો નફો કર્યો, ગત વર્ષ કરતા 20 ટકા વધુ

મુંબઈ, તા. 27: જાન્યુઆરી-માર્ચ 2026 ક્વાર્ટરમાં આદિત્યબિરલા ગ્રુપની કંપની અલ્ટ્રાટેક સિમેન્ટનો ચોખ્ખો નફો 2982.76 કરોડ રૂપિયા રહ્યો હતો. જે એક વર્ષ પહેલા 2482.04 કરોડ રૂપિયાના નફા કરતા 20 ટકા વધુ છે. કંપનીએ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે ઓપરેશન્સમાંથી વક વાર્ષિક ધોરણે લગભગ 12 ટકા વધીને 25799.47 કરોડ રૂપિયા થઈ છે. માર્ચ 2025 ક્વાર્ટરમાં તે 23063.32 કરોડ રૂપિયા હતી. માર્ચ 2025 ક્વાર્ટરમાં ખર્ચ 20044.49 કરોડ રૂપિયાથી વધીને 21894.18 કરોડ રૂપિયા થયો છે. સમગ્ર નાણાકીય વર્ષ 2025-26 માટે, અલ્ટ્રાટેક સિમેન્ટનો ચોખ્ખો નફો 8165.64 કરોડ રૂપિયા રહ્યો હતો. એક વર્ષ પહેલા તે 6039.11 કરોડ રૂપિયા હતો. ઓપરેશન્સમાંથી આવક રૂ. 88511.53 કરોડ રહી હતી. નાણાકીય વર્ષ 2025માં તે 75955.13 કરોડ રૂપિયા હતું.

અલ્ટ્રાટેક સિમેન્ટના બોર્ડે નાણાકીય વર્ષ 2026 માટે શેરધારકોને શેર દીઠ 240 રૂપિયાનું ડિવિડન્ડ આપવાનો નિર્ણય લીધો છે. આ અંગે કંપનીની વાર્ષિક સામાન્ય સભામાં શેરહોલ્ડરોની મંજૂરી લેવામાં આવશે. કંપની દ્વારા જાહેર કરવામાં આવેલ આ અત્યાર સુધીનું સૌથી વધુ ડિવિડન્ડ છે. રેકોર્ડ તારીખની જાહેરાત પછીથી કરવામાં આવશે. જે લોકોના નામ રેકોર્ડ તારીખ સુધી શેરના લાભાર્થી માલિક તરીકે કંપનીના સભ્યો અથવા ડિપોઝિટરીઝના રજિસ્ટરના રેકોર્ડમાં હશે, તેઓ ડિવિડન્ડ માટે હકદાર રહેશે.

# ડિજિટલ વોલેટ માટે RBIની નવી ગાઈડલાઈન

**PPI** કાર્ડ અને વોલેટ માટે નવા નિયમોનો ડ્રાફ્ટ જાહેર; છેતરપિંડી રોકવા એજન્ટોની મનમાની પર લાગશે બ્રેક

મુંબઈ, તા. 27: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ડિજિટલ પેમેન્ટને વધુ સુરક્ષિત બનાવવા માટે પ્રીપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ (PPI) માટે નવું ફ્રેમવર્ક રજૂ કર્યું છે.

આ અંતર્ગત વોલેટ મર્યાદા અને રિફંડ પ્રક્રિયામાં મહત્વના ફેરફારો સૂચવવામાં આવ્યા છે, જેના પર ૨૨ મે, ૨૦૨૬ સુધી સૂચનો માંગી શકાય છે.

**નવી માર્ગદર્શિકાના મુખ્ય અંશોઃ**

બેલેન્સ મર્યાદાઃ જનરલ વોલેટમાં મહત્તમ ૨ લાખ રાખી શકાશે, જ્યારે કેશ લોડિંગ મર્યાદા દર મહિને ૧૦,૦૦૦ નક્કી કરાઈ છે. ગિફ્ટ કાર્ડ માટે ૧૦,૦૦૦ અને ટ્રાન્ઝિટ કાર્ડ (મેટ્રો/બસ) માટે ૩,૦૦૦ની મર્યાદા રહેશે.

ત્વરિત રિફંડઃ ટ્રાન્ઝેક્શન ફેઈલ કે કેન્સલ થવાના કિસ્સામાં રિફંડ તરત જ ગ્રાહકના વોલેટમાં જમા કરવું પડશે.

એજન્ટો પર લગામઃ PPI એજન્ટો ગ્રાહકો પાસેથી કોઈ પણ વધારાની ફી વસૂલી શકશે નહીં. બધી શરતો સ્થાનિક ભાષાઓમાં જણાવવી ફરજિયાત રહેશે.

નવી સંસ્થાઓ માટે નિયમઃ નોન-બેંકિંગ સંસ્થાઓ માટે શરૂઆતી ૫ કરોડની નેટવર્થ જરૂરી છે, જે ત્રીજા વર્ષના અંત સુધીમાં ૧૫ કરોડ કરવી પડશે.

વિદેશી પ્રવાસીઓઃ પાસપોર્ટ વેરિફિકેશન બાદ પ્રવાસીઓ પણ વોલેટ વાપરી શકશે, જેની માસિક ખર્ચ મર્યાદા ૫ લાખ રાખવામાં આવી છે.

# ગરમીનો પારો ચઢતા પાવર શેર 'સુપર હોટ

**અદાણી** પાવર બાવન વીકની ઉંચાઇએ, ટાટા પાવર પણ વધ્યો

મુંબઈ, તા. 27: દેશમાં ધગધગતી ગરમી માત્ર હવામાન પુરતા સમાચાર રહ્યા નથી, પણ પાવર સેકટર માટે કમાણી બની ગઈ છે. દેશમાં મોટા ભાગના શહેરોમાં તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસથી વધુ થઈ રહ્યું હોવાથી પાવર સેક્ટરના શેરમાં જબરદસ્ત વધારો જોવા મળી રહ્યો છે. આજરોજ અદાણી પાવર અને ટાટા પાવરના શેરમાં લગભગ 4 ટકાનો ઉછાળો આવ્યો હતો અને 52 અઠવાડિયાની નવી ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. રોકાણકારોને અપેક્ષા છે કે આગામી દિવસોમાં વીજળીની માંગ ઝડપથી વધશે, જે આ કંપનીઓની કમાણીમાં પણ વધારો કરી શકે છે.

અદાણી પાવરનો શેર નવી 52 સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આ શેર 30 માર્ચે 149.20 રૂપિયાના સ્તરથી લગભગ 48 ટકાનો ઉછાળો ઉભો થયો છે. આ તેજીને કારણે કંપનીની માર્કેટ કેપ પણ લગભગ 1.4 લાખ કરોડ રૂપિયા વધીને આશરે 4.25 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે, જે રોકાણકારોનો મજબૂત વિશ્વાસ દર્શાવે છે. તેવી જ રીતે ટાટા પાવરનો શેર પણ ઉછળ્યો હોત અને તે પણ બાવન વીકની ઉંચાઈએ પહોંચ્યો હતો. જેને એક મહિનામાં 20 ટકા જેટલું વળતર આપ્યું છે.

ભારતીય હવામાન વિભાગે ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતના ઘણા ભાગોમાં હીટવેવની ચેતવણી જારી કરી છે.

ઉત્તર પ્રદેશના બાંદામાં તાપમાન 47.4 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે, જ્યારે દેશના મોટાભાગના ભાગોમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી 45 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે છે.

દેખીતી રીતે, આવી સળગતી ગરમીમાં એસી, કૂલર અને વીજળીનો વપરાશ ઝડપથી વધે છે, જેના કારણે વીજ કંપનીઓની માંગ અને કમાણી બંનેમાં વધારો થવાની સંભાવના છે.

બીજું મોટું પરિબળ અલ નીનો છે, જેના વિશે નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે. એનઓએએ અનુસાર, આગામી મહિનાઓમાં મજબૂત અલ નીનોની 50% સંભાવના છે. ઈતિહાસ બતાવે છે કે અલ નીનો દરમિયાન ભારતમાં ચોમાસું નબળું હોય છે અને ઉનાળો લાંબો રહે છે. 2015 અને 2019 જેવા વર્ષોમાં વીજળીની માંગમાં 7થી 9 ટકાનો તીવ્ર વધારો જોવા મળ્યો હતો.

બ્રોકરેજ હાઉસીસનું માનવું છે કે, અલ નીનોની અસર વધશે તો હાઈડ્રો પાવર કંપનીઓ દબાણમાં આવી શકે છે, પણ કોલસા આધારિત વીજ કંપનીઓને ફાયદો થશે. જેથી અદાણી પાવર અને ઓએનટીપીસી જેવી કંપનીઓ માટે સકારાત્મક સંકેતો જોવા મળી રહ્યા છે. ગરમી અને અલ નીનો જેવા પરિબળો પાવર સેક્ટર માટે ટૂંકા ગાળામાં મોટા ટ્રિગર બની શકે છે.

# પશ્ચિમ બંગાળમાં જો ભાજપ જીતે તો શેર બજારમાં તેજી

બંગાળની ચૂંટણીમાં બીજા તબક્કાનું મતદાન આ અઠવાડિયે 29 એપ્રિલે 142 સીટ માટે થઈ રહ્યું છે. પહેલા તબક્કામાં 92.5% થી વધુ મતદાન થયું હતું.

જો બીજા તબક્કામાં મતદાન સમાન રહેશે, તો તે શેર બજાર માટે નોંધપાત્ર હકારાત્મક રહેશે. જો ભાજપ બંગાળમાં જીત મેળવે છે, તો તેની સકારાત્મક અસર બજાર પર પડશે.

નિફ્ટીની મંથલી એક્સપાયરીના એક દિવસ પહેલા, બજારમાં તેજી જોવા મળી છે. નિફ્ટી લગભગ 200 પોઈન્ટ વધીને 24100 ને પાર કરી ગયો છે. બેંક નિફ્ટી પણ લીલા નિશાન પર પાછો ફર્યો છે. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો 1.5 ટકાથી વધુના વધારા સાથે આઉટપર્ફોર્મ કરી રહ્યા છે. વોલેટિલિટી INDIA VIX લગભગ 6% ઘટ્યો છે. આમ બજાર એક સારા સમાચારની જ રાહ જોઈ રહ્યો હોય તેમ લાગે છે.

રાજકીય ક્ષેત્રે હલચલ જોઈ તો, 7 AAP સાંસદોને ભાજપમાં ભેળવી દેવાની મંજૂરી આપવામાં આવી છે. અને જો ભાજપ બંગાળમાં જીતે છે, તો તે બજારને ચોક્કસ તેજી તરફ લઈ જશે. ભવિષ્યમાં, રાજ્યસભામાં ભાજપને 2/3 બહુમતી મળી શકે છે.

# ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં 20 સુધીના તોતિંગ વધારાની આશંકા

**ક્રુડનો** ભાવ 100 ડોલર ઉપર રહેશે, તો પેટ્રોલ-ડિઝલ શરૂઆતમાં 10 અને બાદમાં 20 રૂપિયા સુધી વધી શકે: એમ્કે ગ્લોબલ

નવી દિલ્હી, તા. 27: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવ 108 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણા અટકી ગઈ છે અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાના કારણે સપ્લાય અંગે ચિંતા વધી છે. બ્રેન્ટ ક્રુડ 2.6 ટકા વધીને 108.10 પ્રિત બેરલ પર પહોંચી ગયું છે, જ્યારે ડબલ્યુટીઆઈ ક્રુડ 96.70 ડોલર પર પહોંચી ગયું છે. તેની સીધી અસર ભારતીય અર્થવ્યવસ્થા અને સામાન્ય માણસના ખિસ્સા પર પડી શકે છે, જેના કારણે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો થવાની સંભાવના છે.

બ્રોકરેજ ફર્મ એમ્કે ગ્લોબલ ફાઈનાન્સિયલ સર્વિસિસના રિપોર્ટ અનુસાર, ભારતનો ક્રુડ બાસ્કેટ લગભગ 110 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યો છે. 27 માર્ચ 2026ના રોજ એક્સાઈઝ ડ્યુટીમાં 10 રૂપિયાનો ઘટાડો હોવા છતાં, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ અને ડિઝલ પર 18 થી 20 રૂપિયા પ્રતિ લિટરનું ભારે નુકસાન સહન કરી રહી છે.

# ઓરેકલમાં આભ ફાટ્યું: એકસાથે 30,000 કર્મચારીઓની છટણી

**33 વર્ષ** જૂના વફાદાર સ્ટાફને પણ ન છોડ્યો AI પાછળની દોડમાં કંપનીએ અમેરિકા અને ભારત સહિત વિશ્વભરમાં કાપ મૂક્યો

ઓસ્ટિન, તા. 27: ટેક જાયન્ટ ઓરેકલે તાજેતરનાં વર્ષોમાં તેના સૌથી મોટા છટણીના નિર્ણયોમાંથી એકની જાહેરાત કરી છે. કંપનીએ વૈશ્વિક સ્તરે અંદાજે 20,000થી 30,000 કર્મચારીઓને છૂટા કર્યા છે. આ નિર્ણયની જાણ વહેલી સવારના ઈ-મેઈલ દ્વારા કરવામાં આવી હતી. આ કાપ અમેરિકા, ભારત, કેનેડા અને લેટિન અમેરિકામાં મૂકવામાં આવ્યો છે.

છટણીના આ સ્તરે એક નવી ચર્ચા જગાવી છે. માત્ર સંખ્યાને કારણે જ નહીં, પરંતુ એટલા માટે કે ઘણા લાંબા સમયથી સેવા આપતા અને ઉચ્ચ કુશળ કર્મચારીઓ તેનાથી પ્રભાવિત થયા છે.

નીના લુઈસ, એક સિનિયર સિક્યુરિટી પ્રોફેશનલ જેમણે ઓરેકલમાં 33 વર્ષથી વધુ સમય વિતાવ્યો હતો, તેમને પણ 1 એપ્રિલના રોજ કંપનીના એઆઈ પુશ (એઆઈ પર ભાર મૂકવાની નીતિ) વચ્ચે બરતરફ કરવામાં આવ્યા હતા.

તેમણે લિંક્ડઈન પર લખ્યું, "ઓરેકલમાં 30થી વધુ વર્ષો વિતાવ્યા પછી હું આજે છૂટા કરાયેલા લગભગ 30,000 લોકોમાં સામેલ છું." તેમણે આ પગલાને આઘાતજનક ગણાવ્યું હતું.

લુઈસ 1990ના દાયકાની શરૂઆતમાં ઓરેકલમાં જોડાયા હતા. ત્રણ દાયકા દરમિયાન, તેમણે ડેટાબેઝ અને સિક્યુરિટી પ્લેટફોર્મ પર કામ કર્યું. સિક્યુરિટી એલર્ટ મેનેજર તરીકેની તેમની તાજેતરની ભૂમિકામાં, તેઓ વલ્નરેબિલિટીઝ (ખામીઓ)ને એન્ટરપ્રાઇઝ ક્લાયન્ટ્સ માટે માર્ગદર્શનમાં રૂપાંતરિત કરતા હતા.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD**
LED, રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ. અડાજણ. 9898302700

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

વ્યવસાયીક ક્લાસીસ

**બાળકો, મહિલાઓ**
યુવાનો ફડફડાટ અંગ્રેજી બોલતા શીખો 9173056787 તૃપ્તિ સ્પોકન ઈંગ્લિશ ક્લાસિસ (51)

**ફ્લેટો વેચવાના છે**
ખારવાવાડ નાનપુરા સુરત 1માં નવા બંધાયેલ એપાર્ટમેન્ટમાં. મો. 9824112868

**વર્ષ બચાવો. વર્ષ બચાવો**
10th/ 12th (આર્ટસ, વાણિજ્ય, વિજ્ઞાન) નાપાસ વિદ્યાર્થી 45 દિવસમાં પાસ કરો. 8th, 9th નાપાસ સીધી 10th કરો. 11th નાપાસ સીધી 12th પાસ કરો. બિના TC (ટ્રાન્સફર સર્ટિફિકેટ) વગર 3rd. 5th અને 8th ધોરણ પાસ કરી શકાય. એસ્પાયર એજ્યુકેશન, ડુંભાળ, સુરત. 9724346581/ 7778025581 (54)

વ્યવસાયીક આરોગ્ય વિષયક

**મોતિયાનું ઓપરેશન**
તમારા બજેટમાં કરાવવા પ્રખ્યાત હોસ્પિટલ દવાવાલા આઈકેર પાલનપુર જકાતનાકા સુરતનો આગ્રહ રાખો 9898133189

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ, વૈષ્ણોદેવી Rs: 20999/= MO- 9825142005 /9427803273 (48)

**સાગર 9427113317**
અધિકમાં. હરિદ્વાર, વૃંદાવન, મથુરા, (એસી) શનિ/ રવિ. દમણ, સેલવાસ, ખાનવેલમાં નાઈટ, **Date- 08/05/2026,** મહારાષ્ટ્રના 2 જ્યોતીલીંગ સાથે શીર્ડી. Mobile- 9913164330

**ઓફિસો ભાડે આપવાની છે**
ટેલિફોન એક્સચેન્જની સામે, સાંઇનાથ ઢોસા પાસે, નાનપુરા, સુરત 1 મો. 9824112868

નોકરી વિષયક

**Graduate Female**
Required For Textile Firm Time 11 am To 7 Pm. Pramukh Park, Udhna Pandesara Road- 8000990035

**જોઈએ છે.**
સ્કૂલબસ માટે ડ્રાઈવર-4, કંડકટર-3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204827

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.